# આણંદ મેમુ ટ્રેનથી મુસાફરોને નજીવા ભાડાથી રેલ સુવિધા મળશે

## માત્ર ૫ રૂપિયામાં અમદાવાદ અને રૂ. ૧૬માં આણંદ સુધીની મુસાફરીનો લાભ મળશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર-આણંદ મેમુ ટ્રેઈન શરૂ થતા વિદ્યાર્થી ગણ સહિત અન્ય મુસાફરોને નજીવા ભાડાથી અમદાવાદ, મહેમદાવાદ, નડીયાદ અને આણંદ સુધીની રેલસેવા ઉપલબ્ધ થઈ છે. કેપીટલ સ્ટેશન પર આ મેમુ ટ્રેઈનના આગમનને શહેર વસાહત મહામંડળે આવકારી નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી.

ફાળવવામાં આવી છે. આજે આ ટ્રેઈન કેપીટલ સ્ટેશન પહોંચતા મેયર મહેન્દ્રસિંહ રાણાની ઉપસ્થિતિમાં મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા સહિતના આગેવાનોએ ટ્રેઈનને હારતોરા કરી સ્વાગત કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મેમુ ટ્રેઈન શરૂ થતા મુસાફરોને તેમજ વિદ્યાર્થીઓને અમદાવાદ, મહેમદાવાદ, ગોઠાજ, ઉત્તરસંડા, બોરીયાવી તેમજ



શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે મહામંડળ દ્વારા છેલ્લા ૪૨ વર્ષથી કેપીટલ સ્ટેશનને રેલ સુવિધા પુરી પાડવા રજૂઆત કરવામાં આવે છે. રેલવેમંત્રી ભરતસિંહ સોલંકીના સહકારથી વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં કેપીટલ સ્ટેશનને એક માત્ર ગાંધીનગર-આણંદ મેમુ ટ્રેઈન આણંદ સુધી પહોંચવા રેલ સુવિધા નજીવા ભાડેથી ઉપલબ્ધ થશે. જેમાં અમદાવાદ માટે રૂ. ૫, મહેમદાવાદ માટે રૂ. ૧૦, નડીયાદ માટે રૂ. ૧૩ અને આણંદ માટે રૂ. ૧૬ જેટલું નજીવું ભાડુ વસુલવામાં આવશે. આ તબક્કે પાટણ, મહેસાણા અને આબુરોડની ટ્રેઈનને પણ ગાંધીનગર થઈ દોડાવવા મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# સે-૭/ડીમાં ૨૦ મિનિટ સુધી અંધાર પટ છવાતાં રહીશો અકળાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સે-૭માં આજે સાંજે ૭.૪૫ના સુમારે લાઈટો ડુલ થઈ જતાં સે-૭-ડીમાં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો. વીસ મિનિટ બાદ ૭-ડીમાં વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થયો હતો.

સે-૭-ડી વિસ્તારમાં અંધારપટ સર્જાવાની ઘટના બીજીવાર બનતાં રહીશોમાં ઉગ્ર રોષની લાગણી ઉભી થવા પામી છે. આ અંગે ટોરેન્ટ સત્તાવાહકોનો રહીશો દ્વારા સંપર્ક કરવાના પ્રયાસોમાં સફળતા નહિ મળી હોવાનું જણાવતાં રહીશોએ જણાવ્યું છે કે વારંવાર ફોલ્ટ સર્જાતા આ પંથકમાં રહેવું હવે અઘરું થતું જાય છે.

૧૫ મિનિટ પછી પણ વિજળી ન આવતાં લોકો ઘરની બહાર આવી ગયા હતા અને ગરમીમાં રાહત મેળવવા માટેના પ્રયાસો કર્યા હતા. ગાંધીનગરમાંથી અને રાજયમાંથી ચોમાસાની વિદાય પછી પણ વીજમાંગમાં ઘટાડો થયો નથી કારણ કે પાછોતરા વરસાદ પછી પણ વાતાવરણમાં ઠંડક થઈ નથી આથી હજુ પણ ઘરોમાં પંખા સતત ચાલુ રાખવા પડે છે.

સે-૭-ડીમાં છવાયેલા અંધારપટને પગલે ટોરેન્ટ પાવરના અધિકારીઓ ફોલ્ટ શોધી કાઢવામાં સફળ રહ્યા છે અને વીસ મિનિટ બાદ વીજપુરવઠો પુનઃ પ્રસ્થાપિત થયો હતો.

# ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ પડતર માંગણીઓ સંદર્ભે આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘની પડતર માંગણીઓ સંદર્ભે કોઈ ઉકેલ ન આવતા આખરે આ મંડળ સાથે જોડાયેલા સભ્યો આંદોલનના માર્ગે જઈ રહ્યા છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંકલન સમિતિના અધ્યક્ષ શ્રી દિનેશભાઈ ચૌધરી, મહામંત્રીશ્રી પંકજભાઈ કે. પટેલ, પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલે સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક, આચાર્ય-વહીવટીય કર્મચારી ચારેય શૈણિક સંઘો ભેગા થઈ જનરલ સાત પ્રશ્નોનું આવેદનપત્ર સરકારશ્રીને એક માસ અગાઉ આપ્યું હતુ. પરંતુ કોઈ પણ પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી. જેથી શૈક્ષણિક સંઘોમાં ભારે અસંતોષ અને અન્યાયની જોરદાર થપ્પડ શૈક્ષણિક સંઘોને સરકારે મારેલ છે. તેના અનુસંધાને તા. ૫-૧૦-૧૨ ને શુક્રવારે બપોરે બે કલાકે આચાર્ય સંઘની ઓફિસે ગાંધીનગર ખાતે સંકલન સમિતિની મીટીંગ રાખવામાં આવેલ છે.

જેમાં સરકારનો વિરોધ કરતાં વિવિધ કાર્યક્રમો નક્કી કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, કાયમી રક્ષણ, આચાર્ય, ચેક સ્ટેજ ઉચો પગાર, વહીવટી કર્મચારીને મહેકમ, સીસીસીમાંથી મુક્તિ વગેરે પ્રશ્નો માટે ઠેંગો બતાવેલ છે. જેનો આક્રોશ શૈક્ષણિક સંકલન સમિતિના તમામ કર્મચારીઓમાં છે.



કેન્દ્રીય રાજ્યમંત્રી પ્રકાશ જયસ્વાલ દ્વારા મહિલા વિરોધી ઉચ્ચારણના વિરોધમાં ભાજપ મહિલા મોરચા દ્વારા ગાંધીનગર ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# આજે ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજનું સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખની પ્રસંશનીય કામગીરીને ધ્યાને લઈ સમગ્ર ઠાકોર સમાજના મહિલા કાર્યકર તરીકે ગુજરાત રાજ્યની મહિલા સુરક્ષા સમિતિના ડીરેક્ટર તરીકે સરોજબેન ઠાકોરની નિમણૂંક આપી છે. તથા પૂર્વ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ અમદાવાદ સેવાઓને ધ્યાને લઈ દિલીપસિંહ પરમારની જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ ગાંધીનગર તરીકે નિમણૂંક મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવી છે. સમાજના બે સભ્યોની નિમણુંકને ધ્યાને લઈ આજે તા. ૪થી ઓક્ટોબર-૨૦૧૨ને ગુરૂવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ગાંધીનગર ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે સમાજનું સંમેલન યોજાશે.

ઠાકોર સમાજના સંમેલન કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ અને પ્રદેશ ઉપપ્રમુખ નટુજી હાલાજી ઠાકોર તેમજ અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘના પ્રમુખ પૂંજાજી ઠાકોર અને માજી મેયર કાનાજી ઠાકોર, ધારાસભ્ય શંભુજી ઠાકોર, કલ્યાણસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહેશે.

## બી.એસ.એન.એલ. સ્થાપના દિવસ નિમિત્તે અનેક યોજનાઓની જાહેરાત

ભારત સંચાર નિગમ દ્વારા તા.૧લી ઑક્ટોબરે 'બી.એસ.એન.એલ. સ્થાપના દિન' ના રોજ તથા નવરાત્રી અને દીપાવલીના તહેવારો દરમિયાન નવી સ્કીમો જાહેર કરી છે. રૂા. ૨૦૦, ૫૦૦, અને ૬૦૦૦ના ટોપ અપ વાઉચર્સ પર ૨૦ ટકાનો એક્સ્ટ્રા ટોક ટાઈમ રહેશે. આ યોજના તા.૧ લી ઓક્ટોબરથી ૭મી ઓક્ટોબર સુધી રહેશે. ગુજરાત સર્કલમાં રૂા. ૧૧૧ની નવો આકર્ષક પ્લાન અમલમાં આવ્યો છે. જેમાં ૬૦૦૦ સેકન્ડ ફી મળશે. જાણકારી માટે નંબર ૧૮૦૦-૧૮૦-૧૯૦૯ સંપર્ક કરવો.

## રાંધેજામાં શિવકથાનું આવતીકાલે ગાન યોજાશે

ગાંધીનગર, તા.૩

ગૌસ્વામી ભારતી બાપુના વ્યાસપીઠે ચાલતી શિવકથામાં માતાજી પ્રાગટ્ય મહોત્સવ ઉજવવામાં આવશે. સુંદર મજાનો માતાજીનો હિંડોળો, ચુંદડી, ગરબા મહોત્સવ યોજાશે. તા. ૪થી ઓક્ટોબરે જાગેશ્વર મહાદેવ મંદિર વાડીમાં બપોરે કથાનું ગાન થશે.

# સ્વામી વિવેકાનંદ વાચન પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૩

વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેના શિક્ષણમાં વાંચન કૌસલ્યનું ખૂબ જ મહત્વ છે. સ્વામી વિવેકાનંદ વાંચન પર્વ અંતર્ગત ધોરણ-૨ થી ૫ ના તમામ બાળકો માટે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ, મ્યુનિશિપલ સ્કૂલ બોર્ડ અને ટ્રસ્ટ, મંડળ સંચાલિત અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં વાંચન કૌશલ્ય વિકસાવવા માટેનો સુંદર કાર્યક્રમ તા. ૧૧મી ઓક્ટોબર સુધી ચાલશે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલ વાંચન પર્વ એ આપણો સામૂહિક કાર્યક્રમ છે.

આ બાળકોને મદદ કરવા માટે વર્ગ શિક્ષકો, શાળાના મુખ્ય શિક્ષક તેમજ સી.આર.સી.-બી.આર.સી.,. કોઓર્ડિનેટર્સ તેમજ તાલુકાથી લઈ રાજયકક્ષા સુધીના અધિકારી/કર્મચારી વાંચન પર્વમાં પોતાની ભૂમિકા અદા કરે છે. આ ઉપરાંત શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)નાં સભ્યો, વાલીઓ, ગામના પ્રાથમિક શિક્ષણમાં રસ લેતાં નાગરિકો તથા સમગ્ર સમુદાય આ પર્વમાં જોડાઈને બાળકો સારી રીતે વાંચતાં શીખી શકે તે માટે મદદરૂપ બની રહ્યાં છે.

# આંબેડકર હોલનું રિનોવેશન તાકીદે કરવા માગ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સે. ૧૨માં આવેલ બાબા સાહેબ આંબેડકર હોલના રિનોવેશનની કામગીરી તાકીદે હાથ ધરવા માટેની માંગ કોંગી કાઉન્સીલર શ્રી અશોક શ્રીમાળીએ કરી છે.

શ્રી શ્રીમાળીએ જણાવ્યું છે કે મધ્યમવર્ગ માટે આશીર્વાદરૂપ આ હોલમાં બેઠક વ્યવસ્થા તુટી જવા પામી છે. તેમજ તેની છત પણ રિપેરીંગ માંગી રહી છે ત્યારે તંત્રનું ઉદાસીન વલણ યોગ્ય નથી અને આ હોલની મરામત તાકીદે કરવામાં આવે તે જરૂરી છે.

તેમણે જણાવ્યુ છે કે સેન્ટ્રલ બે.સી.ની સુવિધાથી આ હોલ સજ્જ કરવો આવશ્યક છે. આ હોલની લાઈટીંગ વ્યવસ્થા અને અન્ય ઈલેક્ટ્રીફીકેશનના કામો પણ તાત્કાલિક દુરસ્તી માંગી રહ્યા છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૩

જનસંઘ ભાજપનાં જૈન સમાજિક આગેવાન મહેન્દ્રભાઈ સોમચંદ શાહ અડાલજવાળાનું ૨૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થયો હતો. સ્વર્ગસ્થનું બેસણું તા. ૫મી ઓક્ટોબર-૨૦૧૨ને શુક્રવારે સવારે ૮.૩૦થી ૧૦.૩૦ દરમિયાન સી-૫, પૃથ્વી કોમ્પલેક્ષ, આઝાદ હલવાઈની સામે, સેંટલોર્ન હોટલની બાજુમાં, વાડજ ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે રાખ્યું છે.

# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા અનુ. જાતિના ૨૨૫૪ લાભાર્થીઓને લોન સહાય કરાશે

## ૬ઠ્ઠીએ ૩૯ કરોડની રકમના લોન સહાય-સાધનોનું વિતરણ થશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તા. ૬ઠ્ઠી ઓક્ટોબર-૨૦૧૨ને શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે મહાત્મા મંદિર હોલ નં. ૪, સેક્ટર-૧૩, ગાંધીનગર ખાતે અનુસૂચિત જાતિના ૨૨૫૪ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ ૩૯ કરોડની રકમના લોન સહાય સાધન/વાહનનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાશે.

નિગમ તરફથી વિવિધ પ્રકારના ધંધા રોજગાર માટેના વાહનો, સાધનો તથા લોન સહાયના ચેકોના વિતરણનો કાર્યક્રમ મંત્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાશે. કાર્યક્રમનું ઉદ્ઘાટન શિક્ષણ મંત્રી રમણભાઈ વોરા કરશે તથા મુખ્ય મહેમાન પદે રાજ્ય કક્ષાના મંત્રી જયસિંહ ચૌહાણ, અતિથિ વિશેષ પદે બેચરસ્વામી અતિ પછાત વિકાસ બોર્ડના ચેરમેન પૂનમભાઈ મકવાણા, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ઉપાધ્યક્ષ જિતેન્દ્ર વાઘેલા તથા ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ આઈ.એ.એસ. સંજયપ્રસાદ કરશે. નિગમના મેનેજીંગ ડિરેકટર આર.એમ. જાદવ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સંભાળશે.

કાર્યક્રમ સંદર્ભે જે કોઈ લાભાર્થીઓને નિગમમાંથી લોન મંજૂરીના પત્રો મળ્યા છે તેઓએ અચૂક આ કાર્યક્રમમાં હાજર રહી પોતાનો લાભ સ્વીકારવો. સમગ્ર કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના લાભાર્થી ભાઈ બહેનોને અચૂક ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

# સતત બે દિવસમાં બે ચક્ષુદાન મેળવતું જુનિયર સિટીઝન કાઉન્સિલ

ગાંધીનગર, તા. ૩

સતત બે દિવસ તા. ૨જી અને ૩જી ઑક્ટોબરના રોજ બે ચક્ષુદાત જુનિયર સિટીઝન કાઉન્સીલને મળેલ છે.

તા. ૨જી ઓક્ટોબરના રોજ શ્રીમતી ઉષાબેન ભરતભાઈ ત્રિવેદીનું અવસાન થતાં તેમના કુટુંબીજનોની સંમતિથી ચક્ષુદાન મળેલ છે. તબીબી સેવા ડૉ. શિલ્પાબેન ભટ્ટએ આપી હતી. દિલીપભાઈ તથા વિજયભાઈ સંસ્થાન કાર્યકર તરીકે સેવા આપી હતી. ચક્ષુ બેંકમાં ચક્ષુ પહોંચાડવાની સેવા સન્ની વાઘેલાએ આપી હતી.

તા. ૩જી ઑક્ટોબરના રોજ ગણપતભાઈ રાયચંદભાઈ સોનીનું અવસાન થતાં તેમના કુટુંબીજનોની સંમતિથી ચક્ષુદાન મેળવવામાં આવ્યા હતા, તબીબી સેવા ડૉ. મિલનબેન પારેખ દ્વારા આપવામાં આવી હતી. સંસ્થા કાર્યકર રાકેશભાઈ એ સેવા આપી હતી. એમ.બી. મકવાણાએ ચક્ષુ, ચક્ષુ બેંકમાં પહોંચાડેલ હતી.

# હસતાં ડૉકટરે ગંભીર વાતોને હસી કાઢવાની વાતોથી પ્રેક્ષકોની આંખો ખોલી

**લાફીંગ કલબનાં સંચાલક ડૉ. મુકુંદ મહેતાએ ખડખડાટ હસો અને તંદુરસ્ત જીવન જીવવાની અને ડૉ. તેજલ દલાલે આંખોના રોગોને અગાઉથી અટકાવવાની મહત્ત્વની ટીપ્સ આપી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર લાફીંગ કલબ અને તેજ આઈ સેન્ટરનાં ઉપક્રમે તંદુરસ્ત અને પ્રસન્ન જીવનશૈલી પર રવિવારે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં હળવા અને ગંભીર વિષયનું મફત આયોજન જોવા મળ્યું. ખીચોખીચ ભરાયેલા હૉલમાં લાફીંગ કલબનાં સંચાલક ડૉ. મુકુંદ મહેતાએ ભાગદોડ ભરી જિંદગીમાં માત્ર સામાન્ય ફેરફાર કરી જીવનશૈલી બદલીએ તો તંદુરસ્ત અને પ્રશન્નતા ભર્યું જીવન જીવી શકાય એની એકદમ હળવી, રમુજી અને જાત અનુભવની વાતોથી લોકોને ખડખડાટ હસાવ્યાં...

ચીનમાં લાફીંગ બુધ્ધાની વાતથી એમણે દોર સાધીને કહ્યું કે, ખડખડાટ હસવાથી કેટલાંય સામાન્ય રોગો બાય બાય કરી જાય છે. માણસનાં ફેફસાંની અંદર દસ લાખ ફુગ્ગા આવેલાં છે. અને ત્યાં માત્ર ૨૦% ઑકસીજન જ પહોંચે છે, લાફીંગ કલબમાં હસવાની કસરતોથી આ ફુગ્ગા ફુલાવવાની ક્રિયા કરાવાય છે જેથી રોગ દૂર ભાગે અને યુવાન રહી શકાય. ૨૨ વર્ષથી લાફીંગની અનેક કલબો અને અઢળક સભ્યો ધરાવતી આ સંસ્થા સમાજ માટે નિઃશુલ્ક કાર્ય કરે છે, ડૉ. મુકુંદ મહેતા ૮૪ વર્ષે ૬૦ વર્ષના તરવરાટ ભર્યા સજ્જન લાગે છે.

આજ કાર્યક્રમનાં બીજાં ભાગમાં ગાધીનગરનાં નિષ્ણાંત આંખના રોગોનાં ડૉ. તેજલ દલાલે અન્ય અંગોની સાથે આંખનું કેટલું મહત્ત્વ છે એનું જ્ઞાન પીરસ્યું. દસ વર્ષ સુધીના બાળકોમાં એક આંખ નબળી હોવાથી શક્યતા વધુ હોય છે અને એ જો પ્રાથમિક તપાસમાં ખબર પડે તો એવું નિરાકરણ થઈ શકે છે એવું કહી એમણે દરેક સ્ટેજે આંખોની ચકાસણીનું મહત્ત્વ સમજાવ્યું. આંખોની ઉપર છલ્લી નહીં પણ વિસ્તૃત ચકાસણીથી એના મૂળ સુધી પહોંચી શકાય છે એવું કહેનારાં ડૉ. તેજલ દલાલની દેખરેખમાં ગાંધીનગર સહીત અન્ય ૨૦૦ ગામડામાં એમણે આંખોની અવેરનેસનું અભિયાન ચલાવ્યું છે જેમાં વાગ્મિન પંડ્યા સતત પડછાયાની જેમ સાથે રહે છે.

તેજ આઈ ક્લિનિકમાં આગામી ત્રણ મહિના સુધી નિઃશુલ્ક નેત્ર નિદાન કરી આપવામાં આવશે અને આંખોની જાળવણી અને થતાં રોગોને ટાળવાની ટીપ્સના સમાજ ઉપયોગી કાર્યક્રમો પણ યોજાશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નેહલ ગઢવીએ કરેલું જયારે ગાંધીનગરનાં વિવિધ ક્ષેત્રનાં મોભી અને અગ્રણીઓ હાજર રહેલાં. હાસ્યથી નિરોગી જિંદગી અને આંખોથી જીવનદર્શનનું કૉમ્બિનેશન સૌની પ્રશંસા પામ્યું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૩૨

## તાપમાન

મહત્તમ : ૩૬.૪ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૦.૩૦, ૫.૩૦
કમાલ ધમાલ માલામાલ : ૧૨.૦૦, ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૪૫
હિરોઈન : ૩.૪૫
ઓહ ! માય ગૉડ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦
બર્ફી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦
હિરોઈન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૯.૦૦, ૬.૦૦, ૧૦.૩૦
રેસીડેન્ટ ઈવીલ ૫ઃ રેટ્રીબ્યુશન ૩ડી(હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૮.૩૦
: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કમાલ ધમાલ માલામાલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦
હિરોઈન : ૭.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કમાલ ધમાલ માલામાલ: ૧૦.૩૦, ૧૦.૩૦
ઓહ ! માય ગૉડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૪૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલ: ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
બર્ફી : ૧.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

**મિથુન** : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

**વૃશ્ચિક** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. ગણપતલાલ રામચંદ્રદાસ સોની (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૩૧૧/૨, સેકટર-૭/એ, ગાંધીનગર
- સ્વ. ભદ્રેશભાઈ ઉમિયાશંકર પંડ્યા (ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૪૧૫/૨, સેકટર-૨/બી, ગાંધીનગર
- સ્વ. અંબાબેન રમણલાલ ગાંધી (ઉ.વ. ૧૦૦) પ્લોટ નં. ૫૫૭/૧, સેકટર-૭/બી, ગાંધીનગર
- સ્વ. સંતોકબેન અભરાજી ઠાકોર (ઉ.વ. ૮૦) આદિવાડા, સેકટર-૨૮, ગાંધીનગર